૧૫
૮

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

# ક્યાંથી આવ્યાં

1600072



સંપાદન:

ગિજુભાઈ

તારાબેન

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# ક્યાંથી આવ્યાં?

: લેખક :

ગિજુભાઈ

અમદાવાદ૭
૨૫૩

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની

મુંબઈ-૨ ૦ અમદાવાદ-૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંધી માર્ગ, અમદાવાદ–૧

© પ્રકાશકનાં

મુદ્રણ સાતમું :
ફેબ્રુઆરી ૧૯૬૬

મૂલ્ય પચાસ પૈસા

[૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦–૦૦]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

શ્રી દક્ષિણામૂર્તિ
બાલસાહિત્યમાળા

પુસ્તક ૨૩ મું

## અનુક્રમ

કપાશિયા . . ૩
માટી . . . ૧૦
જોડા . . . ૨૦

કોઠીમાં પુરાતા હતા. દાબી દાબીને ભર્યા હતા. અમને થયું કે આમાંથી નીકળવાનો આરો નથી.

એક દિવસ રૂપાભાભાને બોલતાં સાંભળ્યા: "એ હવે વાવણીવેળા આવી. ક્યાં ગયા એલા માધા, જીવા, કાના? કાલ ખેતરે જઈ કપાશિયા વાવી આવો."

કોને ખબર ખેતર તે શું હશે, ને વાવવું શું હશે? કોને ખબર કપાશિયા શું હશે?

પણ બીજો દિવસ થયો ને અમને કાઢ્યા. છોકરાઓ કહે: "બાપા! અમને ય સાથે લેજો. અમે ય કપાશિયા વાવશું."

અમને તો ગાડામાં નાખ્યા, અને ઉપર છોકરા બેઠા. ડચકારો થયો ને ગાડું ચાલ્યું.

વિચાર કર્યો કે આ છોકરાઓ કપાશિયા વાવવા જાય છે તે કપાશિયા ક્યાં હશે ? ને ખેતર ક્યાં હશે ?

ગામમાંથી સીમમાં આવ્યા. ગાડું ઊભું રહ્યું.

ભાભા કહે : " એ છોકરાઓ ! હેઠે ઊતરો. આ આપણું ખેતર આવ્યું."

અમે કહ્યું ઠીક, આને ખેતર કહેવાય.

ભાભા કહે : " ચાલો ત્યારે, કરો વાવણી. આ બપોર ન થાય ત્યાં અડધું ખેતર વાવી દેવું છે. ને એલા માધા ! તું આ કપાશિયાના ગાડા ઉપર બેઠો રહેજે ને સાચવજે. ને એલા જીવા ! તું કપાશિયા સૂંડલેસૂંડલે આપતો જા."

હં....હવે ખબર પડી કે કપાશિયા એ તો અમે : ગાડામાં બેઠા છીએ તે, અને કોઠીમાં પુરાયા હતા એ !

અમે તો સૂંડલેસૂંડલે વહેંચાયા, ને પડવા માંડ્યા ચાસમાં. ભેગા હતા ત્યાંથી નોખા નોખા એકેક થઈ ગયા. અમારી ઉપર ધૂળ ને ઢેફાં

વાળી દીધાં, ને અમે તો દટાઈ ગયા. અંધારું ઘોર થઈ રહ્યું. ફરી વાર જાણે કોઠીમાં પુરાયા.

હવે શું થશે ? ભગવાન જાણે. પણ કંઈ થશે તો ખરું જ. રોજ કાંઈક થાય તો ખરું જ ના? હોઈએ તે થવા માટે જ ના ?

ધીરે ધીરે ભીનું ભીનું લાગવા માંડ્યું. અમારા શરીરમાં સળવળ સળવળ થવા માંડ્યું. અરે, આ શું ? આમાં ફાટું ફાટું શું થાય છે ? પેટ તો નહિ ફાટે ? અમે મરી તો નહિ જઈએ ? ગમે તે થયું પણ અમારામાં તડ પડી ને વચ્ચે ખાલી જેવું થયું.

અમે તો રાહ જોતા બેઠા. ત્યાં એકબે દિવસમાં ખીંતી ભોંયમાં ખોડાઈ ગઈ, ને અમે તો છત્રી જેમ ઊંચે આવ્યા.

ત્રીજે દિવસ ભાભા ખેતર આવ્યા ને બોલ્યા : "એલા આ વખતે કપાશિયા ઠીક ઊગ્યા ! વણ સારુ થશે."

અમે કહ્યું, ઠીક, આ તો આપણે ઊગ્યા કહેવાયા હવે આપણું વણ થવાનું. પણ વણ

તે ભલા શું હશે ? અમે તો સોટા જેમ વધવા લાગ્યા. કપાશિયો ક્યાંઈ વયો ગયો. લંબગોળ બીમાંથી લાકડી જેમ વધવા લાગ્યા. આસપાસ લીલાં લીલાં પાન બેઠાં. અમે તો બધાય ઊગી નીકળેલા : હારની હાર ! ખેતર આખું લીલું-છમ થઈ ગયું.

અમે તો કૂણા કૂણા તડકામાં તપતા હતા. મંદ મીઠા પવનમાં ડોલતા હતા. દિવસે સૂરજ જોતા ને રાતે ચાંદો ને તારા ભાળતા. ખેતર લીલું થયું એટલે ચકલાં ઊડતાં ઊડતાં આવતાં ને જ્યાં ત્યાં બેસતાં. રાતે રાતે હરણાં આવે ને વખતે વખતે અમારામાંના કેટલાકને ખાઈ પણ જાય ! પણ ભાભાનું કામ ભારે પાકું હતું. રાતે જેઠાને વાસુ મોકલે. જુવાનજોધ જેઠો હાથમાં ડાંગ રાખે ને રાત આખી પહેરો ભરે. નહિતર માળે બેઠોબેઠો હાકલો દીધા કરે. ગોફણમાંથી ઘા એવો તો સન્‌ન્‌ન્‌ સન્‌ન્‌ન્‌ કરતો ફેંકે, કે ભાર છે એકે હરણું આડું ફરકે !

વાસુ = ખેતરે કે વાડીએ રાત્રે ચોકી કરવી તે.

હાકલો = પડકાર.

અમે તો એમ ને એમ મોટા થયા. અમારાં સોટા જેવાં શરીર થયાં. લીલાછમ જેવા સોટાઓ, નાની નાની ડાળીઓ, અને ડાળીએ ડાળીએ પાંદડાં.

દિવસે તડકો ખાતા ને રાત્રે હવા ખાતા અમે તો સારી રીતે મોટા થયા.

અમને બધા વણ કહેતા. દાદા વારંવાર ખેતરે આવતા ને કહેતા : “ આ વખતે જીંડવાં સારાં બેસશે; કપાસ તો ઊલળી પડશે, અને સાંઠીનો યે પાર નહિ રહે.”

અમે તો જીંડવાની રાહ જોવા લાગ્યા. એ તે વળી ક્યાં હશે ? અમે તો હવે અમે કહેવાઈએ કે નહિ એના જ વિચારમાં પડી ગયા.

થોડા વખતમાં તો છોડને ફૂલો બેઠાં. સુંદર મજાનાં. એમાં સુવાસ પણ આવતી. પતંગિયાં ને ભમરા રસ ચૂસવા ને વાસ લેવા આવતા. લીલાં પાંદડાં ને પીળાં ફૂલ : અપરંપાર અપરંપાર ? આખું ખેતર જાણે ફૂલપાનની ચૂંદડી બની ગયું.

ત્રણ મહિના પહેલાં ખેતરમાં લીલું ડાળખું યે નહોતું, ને હમણાં તો લીલીકુંજાર લીલવણી થઈ ગઈ હતી.

ને પછી ?

પછી તો જીંડવાં આવ્યાં. જીંડવાં એટલે નાનાં નાનાં કપાસનાં ફળો. ઉપર લીલી છાલ ને અંદર ધોળો ગર, ને વચ્ચે પોચાં પોચાં બિયાં. અમને તે વખતે ખબર નહોતી કે એમાં તો અમે જ છીએ !

તડકા પડ્યા ને જીંડવાં સુકાયાં ને ફાટ્યાં. પેલી કહેવતવાળું થયું : "રણવગડામાં ડોશી દાંત કાઢે." કાલાં ફાટ્યાં ને રૂ દેખાયું. ખેતર આખું જાણે ધોળું ધોળું !

ખૂબ તડકા પડ્યા ને ખેતર સાવ સુકાયું; કાલાં સાવ સુકાયાં.

પછી તો કાલાં વિણાયાં ને ગાડે ભરાઈને વંડે આવ્યાં. ત્યાં ચરખા ફરતા હતા. અમે તો કાલાં ને કપાસમાં ગોઠવાયા હતા. અમને તો પૂરી ખબરે નહોતી પડતી કે આ અમે તે

ગાડામાં બેઠા છીએ કે વંડે આવ્યા છીએ કે અમે પિલાવાના હઈશું.

મોટો જબરો વંડો હતો. કેટલા યે મજૂરો કાલાં ફોલતા હતા. એક તરફ કપાસ નાખતા હતા ને બીજી તરફ ઠાલિયાં ફેંકી દેતા હતા. ઠાલિયાં એટલે ખાલી થયેલ કાલાં.

થવા માંડ્યાં રૂના મોટા મોટા ઢગલા. અમે એ ઢગલામાં હતા. ત્યાં ચરખા ફરતા હતા: ચક્કર, ચક્કર. અમે તો બાપગોતર ભાળેલા જ નહિ. એમાં રૂ નખાતું હતું ને પિલાતું હતું. આણી કોર રૂ નખાય ને પેલી કોર બિયાં જુદાં પડે. અમે તો રૂથી છૂટા થઈ તડતડ પડતા હતા.

હં....! તે વખતે ખબર પડી કે આ તો અમે જ છીએ. અમે કોઠીમાં હતા તે જ; એના એ; એ જ કપાશિયા!

☆

## આટી

દિવસો સુધી એમ ને એમ પડી હતી. ઉનાળે તપતી, ચોમાસે ભિંજાતી ને શિયાળે સુકાતી.

સવારે એનો એ સૂરજ ઊગે; રાતે એના એ તારા દેખાય. એના એ બપોર, એની એ રાત.

ઉપર થઈ ચાલ્યાં જાય—માણસો ને તુણસો, ઢોર ને ઢાંખર, ઘોડા ને ગધેડાં, ગાડાં ને ગડેરાં. જેને જવું હોય તે ચાલ્યું જાય.

દિવસો સુધી એમ ને એમ પડી રહી. નિરાંતે પડી હતી, ઊંઘ ઉડાડતી હતી; તડકે તપતી હતી.

ટક ટક, ખચ ખચ, ખટાંગ ખટાંગ થયું. અરે, આ પડખામાં શું લાગે છે? અરે, આ હલાવે છે કોણ? અરે, આ નોખું કોણ પાડે છે?

ચોરણો પહેર્યો હતો; ઊંચે ઢીંચણ સુધી ચડાવ્યો હતો. હાથમાં કોદાળી હતી; ધડધડ ખોદતો હતો.

અરે, આ તો ચોંડો ભગત! રોજ અહીંથી ગધેડાં લઈને નીકળે છે એ? પણ ભગતે તો ભારે કરી! ઘડીકમાં તો મને ખોદી યે નાખી ને મારો મોટો એવો ઢગલો કર્યો. મને થયું કે આ તો કાંઈક થઈ ગયું! હમણાં તો હું સૂતી હતી ને હમણાં બેઠી થઈ.

પછી તો હું છાલકામાં, ને છાલકું ગધેડા ઉપર. ગધેડું ડોકું હલાવતું જાય ને મારું છાલકું ડોલતું જાય. મને તો મજા પડી. ખોદાતી વખતે કોદાળી તો ખાધી, પણ પછી તો ગધેડા ઉપર સવારી કરવાની મળી! કોઈ દિવસ આવું ભાળેલું દીઠેલું નહિ.

આપણે તો ઘેર આવ્યાં: ચોંડા ભગતને જ ઘેર. મનમાં એમ ખરું કે આપણે ગધેડે ચડીને આવ્યાં છીએ તે આપણને કેટલાં યે માનપાન મળશે; કેવાં યે ઓરડે ઉતારા મળશે ને કેવી કેવી ચાકરી થશે!

પણ મને તો લીમડા હેઠે ઉતારી; મોટા ફળિયા વચ્ચોવચ.

ત્યાં તો રાત પડી, ને અંધારું થયું. સૌ સૂઈ ગયાં. મને કેમ કરી ઊંઘ આવે? હું તો ક્યારની વિચાર કરતી હતી કે શું કામ મને આણી હશે? મારું હવે શું કરશે?

રાત તો કેમે કરી જાય નહિ. માંડ જરાક આંખ મળે ત્યાં ગધેડાં, 'ઘેંકૂક, ઘેંકૂક' કરીને જગાડે. પાસે જ મોટો જબરો ઉકરડો હતો. બધાં ત્યાં વરખોળતાં હતાં.

આખરે સવાર પડ્યું. ચોંડાકાકા ઊઠ્યા ને છોડીને બોલાવી: "એલી એ રૂપલી! એ તારી માને કે' કે ઝટ ટીપણી લઈને બપોર-સોરાં આને ટીપી નાખે. કાલે આપણે નળિયાં ઉતારવાં છે."

રૂપલી કહે: "હો, બાપુ!"

રૂપલી દસ વરસની દીકરી. માથે બોશલો, કેડે ધાવરી ને ઉપર કેડિયું.

માદીકરી ઘરમાંથી આવ્યાં અને લાગ્યાં એ તો ટીપવા: ધડ્ડસ ધડ્ડસ ધોકાવવા માંડયાં.

અરે! આ તે કાંઈ રીત? પૂછ્યા કારવ્યા વિના આ શું? આમ મફતના ધોકા શું કામ મારવા?

ચોંડાભાઈ કહે: "એ બરાબર ટીપજો. એક ઢેફું ન રહે."

ટીપ્યાં તે શી વાત કરું? ઢેફેઢેફાં ભાંગી નાખ્યાં. મને તો ટીપીટીપીને લોટ કરી નાખી. વાંસો કાંઈ હળવો થયો!

મનમાં થયું: ઠીક છે, જે થાય તે ખરી! આમાં બોલ્યે ચાલ્યે કાંઈ વળે એમ નથી.

વળી ચોંડાકાકા આવ્યા. કહે: "લ્યો આ ચારણો. ચાળી નાખો જોઈએ? ગારિયું આજ ને આજ નાખવું છે."

એ તો માંડ્યા પછી ચાળવા. પણ ભાઈ ટિપાવા કરતાં ચળાવું સોગણું સારું. એમાં તો મજાનું હીંચકવાનું આવે. આમ અવાય ને આમ જવાય. મોટા મોટા કાંકરા પડ્યા રહે

ને ઝીણી ધૂળ જુદી પડે.

મોટો ઢગલો થઈ ગયો.

રૂપલી ને તેજબાઈ : મા ને દીકરી મંડી પડયાં પાણી વહેવા. કો'કે કર્યો વચમાં ખાડો ને મહીં ઠલવ્યું પાણી. આ ભાઈ થયો અમારો તો ગારો. પણ પછી તો ભાઈ શું ગુંદાયાં, શું ગુંદાયાં, કે વાત કરો મા ! ચોરણી ચડાવેલ ચોંડાકાકા ને કાછડો વાળેલાં તેજુકાકી, બેઉ ઊતરી પડયાં. ગૂંદમગૂંદા. હસવું ને હાણ. એક તો વાંસામાં પગ લાગે ને બીજી કોર થાય પચાકપચાક, ફચાકફચાક ! રૂપલી પિંડા કરતી જાય ને ગારિયામાં નાખતી જાય. પણ શું મજાનો ગારો થયો ! એકે કાંકરી ન મળે. કાલ તો ભૂખડાં ઢેફાં હતાં, ને આજ તો લીસો મજાનો ગારો થયો. રૂપ આખું બદલાઈ ગયું.

છાતીસમો મોટો ડુંગરો. પાણીવાળા હાથ કરીને ચોંડાકાકાએ ચારેકોર ફેરવ્યા. મને થયું, હાશ ! ખોદાયાં, ટિપાયાં ને ગુંદાયાં ય ખરાં, પણ સુંવાળાં તો થયાં !

વિચાર ચાલવા લાગ્યો કે હવે શું થશે? આપણને ખબર નહિ કે પછીથી એવું એવું થશે. તો તો જરા યે મૂંઝાત નહિ; આગળનો જરા યે વિચાર ન કરત.

બપોરે થયા, ને ચોંડાકાકા કહે: "એલી સાંભળ્યું કે? આજે ઠામ ઉતારવાં છે. પણે ચાકડો છે ત્યાં પિંડા લાવો."

મને થયું : આ ચાકડો તે વળી શું હશે? આવું આવું તો બે દિવસમાં કેટલું યે નવું નવું જાણ્યું. ત્યાં ગામ બહાર પડ્યાં હતાં ત્યાં કોને ખબર હતી કે આનું નામ ગધેડું કહેવાય ને આને લીમડો કહેવાય, આનું નામ ઉકરડો કહેવાય ને આનું નામ ધોકા અને આનું નામ ચાકડો?

કદાચ બીજાં નામ તો ભૂલી જવાશે પણ પડખામાં ઘા મારનાર કોદાળી, સહેલ કરાવનાર છાલકું અને વાંસો હળવો કરનાર ધોકો, એનાં નામ કાંઈ થોડાં જ ભુલાશે? ને આ ચોંડાકાકો, આ તેજુકાકી ને આ એની રૂપલી

એ તો જીવે જડ્યાં રહેશે.

હું હજી તો વિચાર કરું છું ત્યાં તો મને ઉપાડીને ચાકડે ચડાવી. ચાકડો તો માંડ્યો ચક્કર ચક્કર ફરવા. એવો ફરે, એવો તો ફરે કે મને થયું, આ તે અમે ફરીએ છીએ કે આ દુનિયા ફરે છે ? મને તો થયું કે આ ઘડીએ ઊલટી થશે ને છઠ્ઠીનું ધાવણ નીકળી જશે. ભોગ લાગ્યા કે માટી થયાં ! મનમાં ઘણી રાડો પાડી કે ભાઈશા'બ ઉતારો: પણ સાંભળે કોણ ?

ઝડપ પાણી છાંટ્યું ને ચોંડાકાકાએ હાથ દીધો. એલા આ તો કંઈક નવું થયું ! ભૂંગળા જેવું. કાકી કહે : "નળિયાં ઠીક થશે." મને થયું, આ હું થાઉં છું તે નળિયું લાગે છે. ઠીક, થવા દો જે થાય તે !

કાકા તો મંડ્યા ઉતારવા : નળિયાં ઉપર નળિયાં. અમારી તો મોટી હાર થઈ. જાણે નળિયાં પલટણ !

રૂપલી આવીને કહે : "બાપુ ! બે કુલડીઆ ઉતારી દ્યો ને ? બે કોડિયાં સોતે હો !"

કાકાએ આમં હાથ ફેરવીને અમને આમ કરતાં ને દાબ્યાં. આ....ને મજાની કુલડી થઈ ગઈ. આમ કર્યું તો રૂપાળું કોડિયું ઊતર્યું.

પછી તો ઘાટ થવાની મજા આવવા લાગી. મને થયું, એમ ને એમ ભોંમાં પડી હોત તો નળિયું ને કોડિયું, હાંડલું ને તાવડી, ને એવું એવું ક્યાંથી થવાત?

અમે તો તડકે સુકાવા લાગ્યાં. બીજે ત્રીજે દિવસે કાકા આવ્યા ને ખડક્યો મોડો નિભાડો. અમે તો પુરાયાં. વચમાં અમોને ચારેકોર રાડાં, ખડ અને કૂચા.

મને થયું કે આ વળી શું થવા બેઠું? આપણે તો કાગડાની વાત સંભારી:

"કૂવામાં તરતાં શીખીએ છીએ, ભાઈ! કૂવામાં તરતાં શીખીએ છીએ."

સાંજ પડી ને નિભાડો સળગ્યો. આ તો માર્યા! દળીદળીને ઢાંકણીમાં ઉઘરાવ્યું! પણ—

"જેમ જેમ પડે વિપતડી,
તેમ તેમ સહે શરીર."

પછી તો નિભાડો ટાઢો થયો. આગ ઓલાઈ ગઈ. બેપાંચ દિવસ ગયા. એક દિવસ સવાર પડી ને ખડખડાટ સંભળાયો. કોણ વર- ખોળતું હશે ? વખતે બહાર કાઢવાં હોય તો ! ત્યાં તો કાકા, કાકી ને રૂપલીનો સાદ આવ્યો. "એ હળવે હળવે કાઢજો; ક્યાંઈક ફૂટી જાય નહિ. એ....પણે મૂકજો."

હાશ, બહાર તો નિકળાયું ! હવે વળી બને તે ખરું.

નિભાડામાંથી બહાર નીકળ્યાં. સાવ બદ- લાઈ ગયાં હતાં; પહેલાં તો બોદાં હતાં પણ પછી તો પાક્યાં. કાચાનાં પાકાં થયાં. અમે તો ટણિંગ ટણિંગ બોલતાં હતાં.

કોઈ કહી ન શકે કે પહેલાં અમે કોણ હતાં. મારી સગી મા આવીને જુએ તો યે અમને ઓળખે નહિ !

પહેલાં તો માટી હતી. પણ પછી તો હું તાવડી થઈ, માટલી થઈ, ઢાંકણી થઈ. હું તો કેટલાં યે રૂપે થઈ. હું તો એની એ પણ કેટલાં બધાં મારાં રૂપો ? ને ઘાટે ઘાટે નવું

રૂપ, નવું નામ! પણ અંતે તો હું એની એ.

ચોંડાકાકા ભજનમાં કંઈક એના જેવું જ બોલે છે તો!

"ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં;
અંતે તો હેમનું હેમ હોયે."

☆

જૂજવાં=જુદાં. હેમ=સોનું

## જોડા

અમને તો એમ કે પહેલેથી અમે આવા હતા. પહેલેથી જ અમે અહીં રહેતા. આવા જ અમે જન્મેલા ને આવા જ મોટા થયેલા.

પણ કાલે એ તો સમજાયું. કોણ જાણે કેમ થયું ને જૂની વાત સાંભરી. કેમ જાણે કોઈ કાનમાં આવીને કહી ગયું!

કોને ખબર હતી, દોસ્તદાર ઉપર સીમમાં રખડતા ને ટાઢતડકો સહેતા! ભાઈબંધની પીઠ પર ફટકારતા ને સોળેસોળ ઊપડતા!

અમારો ભાઈબંધ મોળો, તે ચાલે નહિ; પણ ફટકા તો અમારા જ ઉપર પડે.

પણ વસતોભાભો સારા હતા. સાંજ પડે ને ભાઈબંધને ગમાણે બાંધે ત્યારે અમારી ઉપર હાથ ફેરવતા, ને રૂપલાને વઢતા: "એલા

આવી પરોણી તે મરાય ? ચામડી એક તારે જ છે કે ? જોજે ફરીથી હાથ અડાડયો છે તો !”

હું, હવે બરાબર સાંભરે છે. નાનાં છોકરાં પાસે આવતાં ને હાથ ફેરવતાં કહેતાં : “ઓહો, આ તો સાવ સુંવાળું સુંવાળું છે!”

કોઈ કોઈ તો ઉપર બેસતાં ને લાંબાં થઈને સૂઈ જતાં. દોસ્તદાર સારો હતો કે અમારા પરથી કોઈને પછાડી દેતો નહિ.

હું, હવે તો અમારું રૂપ ને રંગ સાંભર્યાં. બધું ધીરે ધીરે સાંભરતું જાય છે. અમારા પર થોડા થોડા વાળ હતા, ને રંગ ય ધોળો ધોળો હતો. ક્યાંઈક ક્યાંઈક કાળો યે હતો. ને ભાઈબંધના પગ આગળ થોડોક રાતો યે હતો.

એમ તો પાંચદસ વર્ષો ચાલ્યાં ગયાં હશે. કોણ જાણે પછી પચીશપચાસ વર્ષો ગયાં હોય તો ! પણ આપણને ગણતાં ક્યાંથી આવડે ? લોકને ત્યાં રહેલા ને ઢોરની સાથે ભાઈબંધી, તે ગણતાં શાનું આવડે ?

એ તો ઠીક, પણ એક વાર દોસ્તદાર

માંદો પડી ગયો. બિચારો પૂરું હાલીચાલી યે શકે નહિ. પૂરું ખડ ન ખાય. માંડ માંડ પાણી પીએ. એક દિવસ તો પૂંછડે પડ્યો, ને થઈ રહ્યું. બધા કહે : " હવે આ નહિ જીવે; હવે એનું મોત આવ્યું. "

દાક્તર–વૈદમાં કોણ સમજતું'તું ? ગામડિયા હોય ત્યાં કાં તો ભુવા ને કાં તો વાળંદ. ભુવો કહે : " અરે, એને તો વળગાડ છે, વળગાડ ? ખેતરને શેઢે મેલડી છે ત્યાં પોદળો કર્યો હતો, તે વળગી છે. "

અમે તો સાંભળતા'તા. મેલડી કેવી હશે ને વળગાડ કેવો હશે ? અમને થયું, શું કામ ભાઇબંધે પોદળો કર્યો હશે ? ભૂવો આવ્યો ને ભાઇબંધને મરચાંનો ધુમાડો કર્યો. બિચારો અધમૂવો થઈ ગયો. અમને થયું, અરે રામ ! ભાઇબંધને કાંઈ પીડ છે ?

ત્યાં તો એક વાળંદ આવ્યો. વાળંદ કહે : " ઓહો ! આ તો પેટપીડ આવી છે. ત્યારે હવે ચામડા ઉપર ડામ દેવા દો. "

અમને થયું, આ ડામ કોને દેવા હશે? બિચારાને ધુમાડાથી અડધો માર્યો ને હવે ડામ દઈને આખો મારશે.

ત્યાં તો વાળંદે લોઢાં તપાવ્યાં ને કર્યાં રાતાચોળ જેવાં. અમે તે થરથરી ગયા.

કોને હવે ચપકાવશે?

ને ત્યાં તો અમારા ઉપર જ ચપકાવ્યું? ઓયવોય રે! અમને શું કામ બાળો છો રે! પેટપીડ તો ભાઈબંધને છે ને અમને શું કામ?

પણ અમારું ત્યાં કોણ સાંભળતું'તું? વાળંદભાઈએ તો ભાઈબંધની પીઠ ઉપર ને પેટ ઉપર ચારપાંચ ચપકા લગાવ્યા.

બસ, ત્યાં તો અમે બેભાન થઈ ગયા ને ભાઈબંધના પ્રાણ નીકળી ગયા.

જાગ્યા ત્યારે અમે ક્યાં હતા? હા, હા; પણે હતા. લોકો આસપાસ થાળીઓ લઈને ભાઈબંધને કાપતા હતા ને પીંખતા હતા. એક જણ ભાઈબંધનું માસ બીજાઓને થાળીમાં આપતો હતો. અમને તો પાછળથી ખબર પડી

કે એ ઢેઢવાડો હતો.

અમને તો ભાઈબંધ ઉપરથી ઊતરડ્યા. અરેરે, ભાઈબંધ મરી ગયો હતો ! ચરડ કરીને અમને ચીરી નાખ્યા ને ભાઈબંધથી જુદા પાડ્યા. અરે, છે કાંઈ લોકની મતિ ! છે કાંઈ ભગવાનની ગતિ !

પણ શું કરીએ ? ભગવાને ભાઈબંધને અને અમને મૂંગા બનાવ્યા, તે કોને કહીએ ?

અમે તો ભાઈબંધથી છૂટા પડ્યા. ઘણા દિવસોનો સહવાસ, ને જનમની પ્રીત. આંખમાં આંસુ આવ્યાં. ઘણું વસમું લાગ્યું, પણ જેવી કિરતારની મરજી !

અમને તો ઝાડવે ટીંગાડ્યા.

તે દિવસ અમે ખૂબ ગંધાતા'તા. હજી યે અમારામાં થોડીક વાસ તો રહી છે. પણ તે દિવસમાં ને આજમાં લાખ ગાડાંનો ફેર.

મનમાં તો થતું હતું કે ભલા, અહીં જ સુકાઈને દેહ પડી જાય તો ભલે પડે. ભાઈબંધ જેવો ભાઈબંધ ગયો ને હવે જીવીને શું કરવું ?

પણ ત્યાં તો એક જણ આવ્યો : અમારા જેવો જ ગંધાતો હતો : ભૂંડોભૂખ ! ઢેડો કહે : "આઘા રહો, આઘા રહો, એને અડશો મા." છે ને દુનિયા ? ઢેડ વળી એનાથી અભડાય ! જો ને ઢેડ ! ચામડાં ઉતારવાં ને મરેલા ઢોરનું માંસ ખાવું ને વળી કહેશે અભડાશું ! પણ આવું જ હોય. પગ હેઠે બળે એ કોઈ જુએ નહિ, ને બીજાને નિહાળે.

ભાઈ ! એ તો આવ્યો ને અમને ઉપાડ્યા ને ઝબોળ્યા : ક્યાં ? એના કુંડમાં. ઓહોહો ! એ કુંડ ! એનું ગંધાતું પાણી ! અમેય ગંધાતા તો હતા, પણ આ ગંધથી તો તોબા બાપુ !

મહીં આવળ નાખેલી તે એનો રંગ નીકળેલો. શે અંદર રહેવું ? પણ જેવાં કરમ !

ઢેડો કહે : "ભગવાને અમને એવા કર્યા તે શું કરીએ ? એવાં અમારાં કરમ !"

ચમાર કહે : "એવાં અમારાં કરમ !"

અમેય કહ્યું : "ત્યારે એવાં અમારાં કરમ !"

બહુ રાખ્યાં હોત તો તો સડી સડીને

મરી જાત ને ઠીક થાત; પણ ત્યાં તો બહાર કાઢ્યા ને સૂકવ્યા.

પણ એમ તો ઠીક થયું કે અમને કુંડમાં નાખ્યા. અમારા પરથી બધી ગંદકી નીકળી ગઈ. અમારી ગંધ બદલાઈ ગઈ.

પછી તો અમને તડકે સૂકવ્યા ને કોરા કડાક કરી નાખ્યા.

ને અમે કાંઈ એકલા હતા ? ત્યાં તો એવા કેટલા યે ભાઈબંધો : ભેંશો ને ગાયો ને બકરાંનાં ચામડાં હતાં. એમાં એક અમે ય હતા.

એક દિવસ ઊગ્યો અને અમારો ભારો બંધાયો. અમે તો ખડખડ બોલતા હતા. ચમારણોએ આવીને અમને માથે લીધા. ચાલી ઉપાડીને. રસ્તે માણસો મળે તે નાક આગળ લૂગડું ધરે. અમને થાય કે શું આટલા બધા ગંધાતા હોઈશું ? પણ હોઈશું જ તો ! હમણાં કેમ કોઈ નાક આડું લૂગડું ધરતું નથી ? હમણાં તો સૌ ઘરમાં ને ઓશરીમાં રાખે છે; ને કોઈ તો અમને કબાટમાં યે રાખે છે ?

અમે તો પહોંચ્યા. ત્યાં તો છુકછુક કરતી ગાડી આવી ને ડબ્બો ઊઘડ્યો. માસ્તર કહે: “ નાખો આ ડબ્બામાં. એ ડબ્બો ચામડાંનો છે.”

અમે તો વિચાર કરવા લાગ્યા : “ આ તો પનોતી બેઠી લાગે છે! હવે વળી મુસાફરીએ ચાલ્યા. ક્યાં જવાના ?”

આપણે તો બેઠાં નિરાંત કરીને. મનને થયું કે હવે તો થવા જ બેઠી છે તે થવા દે. જ્યારથી ભાઈબંધ માંદો પડ્યો ને વાળંદે આવીને ડામ દીધા ત્યારથી માઠી દશા જ બેઠી છે. હવે ખાવાનાં ને પીવાનાં ને લાંબા થઈને સૂવાનાં શાં ? એ દિવસ તો ગયા. એ....ભાભાને ડચકારો સાંભળતા ને રૂપલાનો હાથ ફરતો....ને હેત કરતો ને....

ત્યાં તો ગાડી ઝડપ દઈને ઊભી રહી ને અમને તડકામાં ફગાવી દીધા. તે ફગાવી જ દે ના ? અમે તે કાંઈ કપૂરનાં કે કાચનાં પારસલો હતાં ? ભામના પારસલના બીજા શા હાલ હોય ?

ભામ=મરેલા ઢોરનાં ચામડાં.

મજૂરો આવ્યા ને અમને તો ઉપાડ્યા. ધમધમ ધમધમ થતું હતું : ધડાધડ, ધડાધડ ધોકા પડતા હતા; સરરર્ સરરર્ ધારિયાં જેવાં ફરતાં હતાં. પછી ખબર પડી કે એ તો કારખાનું હતું : અમને સાફ કરીને સરખા કરવાનું.

ઠીક ભાઈ, હવે સાફ થવાનું બાકી હતું તે એ થાય.

પણ જે થાય તે સારા માટે. જો સાફ ન થયા હોત ને રંગાયા ન હોત ને સિવાયા ન હોત તો ખબર પડત ! ક્યાંઈ ઝાડવે ટિંગાઈને મરી જાત. નહિતર કૂતરાં આવીને કટકે-કટકા કરી નાખત, ને ચાવી જાત એ વળી જુદું !

એ તો પછી કારખાનાની રીતે ચાલ્યું. એક સંચા પરથી બીજા પર ને બીજા પરથી ત્રીજા પર ને ત્રીજા પરથી ચોથા પર.

ત્યાં અમને પહેલાં તો સીધાસટ કર્યાં. ને પછી ચારેકોરથી રૂંવાંટી કાઢી નાખી. એમાં કારખાનાવાળાને દયાબયા હોય નહિ. એ તો જે આવ્યું એને ચાડાવ સંચે; ને કાઢ બહાર !

પણ અમારું કાંઈ ઢિલ થઈ ગયું ! હળવું ફૂલ જેવું ને પાધરું દોર જેવું. ભાઈબંધના કાન હતા ને પગ હતા ને પૂંછડું હતું તે બધું કાઢી નાખ્યું. અમને તો આ...ને મજાના ચોરસ જાજમ જેવા બનાવ્યા. મનમાં થયું, હવે કાંઈ સારી દશા આવી લાગે છે.

બીજે સંચે ચડાવ્યા ને કાંઈ મજા પડી ! એ તો જાણે હજામત કરાવવા બેઠા. એવા અસ્ત્રા ફરે, એવા ફરે, ને એવા તો હળવા હળવા કે વાત કરો મા ! બધા ય વાળને કાઢી નાખ્યા ને ચામડી આખી સુંવાળી સુંવાળી કરી નાખી.

પણ પાછા ત્યાંથી ઉપાડ્યા ને એક બીજે ઠેકાણે લઈ ગયા.

પણ ત્યાં તો કૂંડાં જોયાં ને ભડક્યા ! એ તો પછી ખબર પડી કે એમાં ભડકવા જેવું નહોતું. એ તો મજાનાં રંગનાં કૂંડાં હતાં. અમને એમાં નાખ્યા ને ભાતભાતના રંગ ચડાવ્યા. મને તો પીળામાં નાખેલ તે મારું આંગ પીળું થયું.

પછી તો કાંઈ અમે થયા ! જાણે જાત જ બદલાઈ ગઈ; જાણે નાત જ બદલાઈ ગઈ. જાણે ઢેડના બ્રાહ્મણ થઈ ગયા !

ને અમે કાંઈ સુંવાળા કૂણા કૂણા થયા ! માણસોને તે કાંઈ આવડે છે ! ને એવા છે કે વાત કરો મા ! ક્યાંઈથી ક્યાંઈ ને ક્યાંથી ક્યાંઈ ઉપાડીને નાખે છે.

એક વાર દુકાન ઊઘડી ને અમે એમાં બેઠેલા. એક ભલો ભાઈ અમને કારખાનામાંથી લઈ આવેલો. અમે તો ધારી ધારીને જોવા લાગ્યાં. માળું દુકાનમાં આ બધું શું ટાંગ્યા છે ! છે તો અમારી નાતજાત, પણ રંગઢંગ જુદા કેમ છે ? ને આવા ઘાટબાટ કોણે ઘડ્યા હશે ?

પણ ત્યાં તો ભલા ભાઈએ અમને જ ઉપાડ્યા ને પેલી રાંપી લીધી ને આમ પગ હેઠળ દબાવીને કાપવા માંડ્યા. "ઓયવોય" થઈ ગયું. પછી તો આમ કાપ્યા ને આમ કાપ્યા, ને ફટાક ફટાક કરીને ખંખેર્યા.

ખબર ન પડી કે આ શું કરે છે. અમને

થયું, શું કામ નાહકના કટકા કરી નાખે છે?

પણ એણે તો કટકા કર્યા ને પાછા સાંધ્યા ને ઓઠે ચડાવ્યા; લાહી લગાડીને આમથી વાળ્યા ને તેમથી વાળ્યા ને અમને તો બનાવી કાઢ્યા! આમ ઊંચે જોયું ત્યાં તો અમે પણ પેલા જેવા જ બની ગયેલા. અસલ રૂપેરંગ એના જ જેવા બનેલા!

ભલા ભાઈ પણ ખરા! આખો દિવસ આવું આવું કર્યા જ કરે. અમને કોરે મૂકીને બીજાને ઉપાડ્યા; બીજાને કરી ત્રીજાને લીધા. ને એવી રીતે કરીને કેટલાયને ભીંતે ટાંગ્યા.

સાંજ પડી ને અમને ઓઠામાંથી કાઢ્યા ને લટકાવ્યા.

બીજી સવાર થઈને ઘરાક આવ્યું. કહે: "કાં જોડા છે? આ ભાઈના પરમાણુના જોઈએ."

ભલો ભાઈ કહે: "હા, શા'બ! આ કાલે જ નવા કર્યા છે. જુઓ, છ નંબરના છે ભાઈને બરાબર ફિટ થઈ રે'શે."

પરમાણુના=માપના ફિટ=બંધબેસતું

પેલા માણુસે અમારામાં પગ નાખ્યા ને ચપોચપ થઈ ગયા. એ તો રોફમાં આવ્યો ને ચટચટ ચાલવા માંડ્યો.

અમે ય તે ચમચમ બોલવા માંડ્યા. એ તો અમે અમારું ગાયન ગાતા હતા!

રૂપિયા સાડાત્રણ મોચીભાઈને ફેંકી દીધા ને લખમીદાસ અમને લઈને ઘેર આવ્યા.

લખમીદાસ છે ભલા માણુસ ! રોજ અમને લૂછે છે. સાંજ પડતાં ગોઠવીને મૂકે છે, ને ચાર દહાડે રંગ લગાડે છે: એને ખબર નહિ હોય કે અમે ક્યાંના છીએ ને ક્યાં આવ્યા છીએ.

પણ લખમીદાસ બહુ કામમાં રહે છે. મરજી તો છે કે આ બધી વાત એને કહીએ ને ઓળખાણ પાડીએ. પણ હવે જોઈએ; કોઈ વાર લાગ આવે ત્યારે જોઈશું. હવે કાંઈ ભૂલી નહિ જવાય. એક વાર વાત સાંભરી છે તો ક્યાં ભુલાઈ જવાની છે ?

# ઉત્તમ બાલ–કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

| | | |
|---|---|---|
| બાળવાર્તાઓ ૧ થી ૫ ... | ... સેટના ... | ૧૦–૨૫ |
| બાળલોકગીત સંગ્રહ ૧–૨ ... | ... ,, ... | ૨–૦૦ |
| બાલસાહિત્ય માળા ( ૮૦ પુસ્તકો ) ... | ,, ... | ૪૦–૦૦ |
| બાલસાહિત્ય ગુચ્છ ( ૨૫ પુસ્તકો ) ... | ,, ... | ૧૪–૦૦ |
| બાલસાહિત્ય વાટિકા–૧ ( ૩૨ પુસ્તકો ) | ,, ... | ૪૨–૫૦ |
| બાલસાહિત્ય વાટિકા–૨ ( ૧૬ પુસ્તકો ) | ,, ... | ૨૩–૫૦ |

| | | | |
|---|---|---|---|
| કિશોર કથાઓ ૧–૨ | ૪–૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો | ૨–૫૦ |
| રખડુ ટોળી ... | ૪–૫૦ | ભગવાન બુદ્ધ ... | (છપાશે) |

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

| | | |
|---|---|---|
| મહાભારતનાં પાત્રો ( ૧૩ પુસ્તકો ) ... | સેટના ... | ૨૦–૫૦ |
| રામાયણનાં પાત્રો ( ૬ પુસ્તકો ) ... | ,, ... | ૧૨–૦૦ |
| હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧–૨ | ,, ... | ૫–૫૦ |

| | | | |
|---|---|---|---|
| શ્રીમદ્ લોકભાગવત | ૭–૫૦ | ભાગવતકથાઓ | ૩–૫૦ |

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

| | | | |
|---|---|---|---|
| સાગરસમ્રાટ ... | ૩–૫૦ | પાતાળપ્રવેશ ... | ૨–૫૦ |
| સાહસિકોની સૃષ્ટિ | ૬–૦૦ | ખજાનાની શોધમાં | ૨–૫૦ |

## પાંચ વિશિષ્ઠ ગ્રંથાવલિઓ

| | | |
|---|---|---|
| નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... | સેટના | ૮–૦૦ |
| જ્ઞાન–વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા | ,, | ૭–૫૦ |
| કમલ કિતાબ ( સચિત્ર ૧૦ પુસ્તકો ) ... | ,, | ૭–૫૦ |
| ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ ... | ,, | ૧૪–૫૦ |
| સાહસકથાઓ ( ૨૫ પુસ્તકો ) ... ... | ,, | ૭૦–૦૦ |

**આર. આર. શેઠની કંપની : મુંબઈ–૨ / અમદાવાદ–૧**

મુદ્રક શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ